**આણંદ કૃષિ યુનિવર્સિટીના પેન્શનરો / કુટુંબ પેન્શનરોને વાર્ષિક હયાતીની ખરાઇ કરવા બાબત.**

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
આણંદ – ૩૮૮૧૧૦ – ગુજરાત
પરિપત્ર ક્રમાંક : આકૃયુ/પે એન્ડ પેંશન સેલ / ૮૩૮-૪૩ /૨૦૧૯
તા. ૧૦/૦૫/૨૦૧૯

વંચાણે લીધો :- નાણાં વિભાગ, ગુજરાત સરકાર, ઠરાવ ક્રમાંક :- તજર – ૧૦૨૦૦૭ – ૧૩૨ - ઝ તા. :- ૧૭ / ૦૯ / ૨૦૧૨.

## :::: પરિપત્ર :::

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેથી પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા તમામ પેન્શનરો અને કુટુંબ પેન્શનરોને જણાવવાનુ કે, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વાર્ષિક હયાતી ખરાઈ કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈની પધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે, ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૨૭૨ અને ૨૭૩માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ સંદર્ભ પરના ઠરાવ મુજબ પેન્શનરોએ વાર્ષિક હયાતીની ખરાઈ દર વર્ષે **મે– મહિનામાં** કરવાનું ઠરાવવામાં આવેલ, અને જે પેન્શનરો મે મહિનામાં હયાતીની ખરાઈ ન કરાવી શકે તેમને હયાતીની ખરાઈ કરાવવા માટે **જુલાઈ માસ સુધી છુટ આપવામાં આવેલ છે**. જો છુટના આ મહિનાઓ દરમ્યાન પણ પેન્શનર હયાતીની ખરાઈ કરાવવામાં નિષ્ફળ જાય તો તેવા પેન્શનરોના કિસ્સામાં ઓગષ્ટ માસથી પેન્શનની રકમનું ચૂકવણું સ્થગિત કરવામાં આવશે. વધુમાં પેન્શન ચુકવણા અધિકારી/ તિજોરી અધિકારી / પેટા તિજોરી અધિકારી / મામલતદાર અથવા ફસ્ટ કલાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટના સહિ/સિક્કા અથવા નિયમ મુજબ ગેઝેટેડ ઓફિસરશ્રી સમક્ષ હાજર થઈ સહી/અંગુઠાની છાપ કરી વાર્ષિક હયાતીની ખરાઈ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતેથી પેન્શન / કુટુંબ પેન્શન મેળવતા તમામ પેન્શનરો અને કુટુમ્બ પેન્શનરોને જણાવવાનું કે વાર્ષિક હયાતીની ખરાઇ ઉક્ત અધિકારીશ્રીઓ દ્વારા તેમજ કૃષિ યુનિવર્સિટીના હિસાબ નિયામકશ્રી, હિસાબી અધિકારી (પીએફ/પેંશન), ઓડીટ ઓફીસર, હિસાબી અધિકારી (કેશ) દ્વારા હયાતીની ખરાઇ કરવાની રહેશે. જે પેન્શનરો આણંદ ખાતે રૂબરૂમાં આવી શકવા સક્ષમ ના હોય તો વિવિધ જીલ્લામાં આવેલ આણંદ કૃષિ યુનિવર્સિટીના સબ-સેન્ટરમાં યુનિટ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહી હયાતીની ખરાઇ કરાવવાની રહેશે અને સહી-સીક્કા કરાવી વાર્ષિક હયાતીનો દાખલ અત્રેની કચેરીને **તા. ૩૧/૦૭/૨૦૧૯ પહેલા મોકલી આપવાનો રહેશે**. વધુમાં જણાવવાનું કે વિદેશમાં વસતા પેન્શનરો/કુટુમ્બ પેન્શનરોએ નિયમ મુજબ જે તે દેશના સરકાર માન્ય નોટરી પાસે રૂબરૂમાં પોતાની હયાતીની ખરાઇ કરાવી વાર્ષિક હયાતીનો દાખલો નોટરીના સહી-સીક્કા કરાવી નિયત સમય-મર્યાદામાં મોકલી આપવાનો રહેશે.

ઉક્ત વાર્ષિક હયાતીના દાખલામાં સહી કરનાર સક્ષમ અધિકારીશ્રીઓએ જે તે પેન્શનર/કુટુમ્બ પેન્શનરની જાત તપાસ અને ખરાઇ કરી સહી સિક્કા કરવાના રહેશે અન્યથા આ અંગેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે જે વિદિત થાય.

ઉક્ત વિગતે વધુ સ્પષ્ટતાની જરૂર હોય તો અત્રેની કચેરીના ઓડીટ ઓફીસર શ્રી જી.એ. બારૈયાનો સંપર્ક કરવો. ટેલફોન નંબર. ૦૨૬૯૨-૨૯૩૩૩૮, ૦૨૬૯૨-૨૨૫૭૮૮ ઈ મેલ : - pension@aau.in

**હિસાબ નિયામક**

બિડાણ – વાર્ષિક હયાતી દાખલાનો નમુનો

**નકલ રવાના :–**

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ પેન્શનર/કુટુંબ પેન્શનર તરફ જાણ અને અમલ સારૂ.
(૨) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૨) પ્રમુખશ્રી, નિવૃત શિક્ષક મંડળ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૩) પ્રમુખશ્રી, નિવૃત બીન શૈક્ષણિક મંડળ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૪) બ્રાંચ મેનેજરશ્રી, સેંટ્રલ બેંક ઓફ ઇંડીયા, ખેતીવાડી બ્રાંચ, આણંદ – નોટીસ બોર્ડ પર મુકવા સારૂ.
(૫) ચીફ મેનેજરશ્રી, સ્ટેટ બેંક ઓફ ઇંડીયા, આણંદ મઇન બ્રાંચ, આણંદ – નોટીસ બોર્ડ પર મુકવા સારૂ.

# હિસાબ નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮૧૧૦ – ગુજરાત

**પી.પી.ઓ. નંબર :–** ____________

# હયાતીનો દાખલો

આથી હું નીચે સહી કરનાર પ્રમાણિત કરું છું કે, આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી પેન્શન / કુટુમ્બ પેન્શન મેળવતા શ્રીમાન/શ્રીમતી ______________________________ પી.પી.ઓ. નંબર______________ આજ સુધી હયાત છે અને તેમનું હાલના રહેઠાણનું પુરૂ સરનામુ ______________________________ ગામ / શહેર ______________

મુ.પોષ્ટ______________ તાલુકો______________જીલ્લો______________ રાજ્ય : ______________

પીન કોડ નંબર__________પેન્શનર/કુટુમ્બ પેન્શનરનો ઘરનો ટેલીફોન નંબર : ______________

મોબાઇલ નંબર : ________________ ઇ મેલ આઇ.ડી. : ______________________________.

આજરોજ મારી સમક્ષ જાતે હાજર રહયા છે અને તેમણે મારી રૂબરૂમાં નીચે પ્રમાણે સહી/અંગુઠાનું નિશાન કરેલ છે જેને હું નીચે સહી કરનાર પ્રમાણિત કરૂ છું.

પેન્શનર/કુટુમ્બ પેન્શનરની સહી : ______________

અથવા પેન્શનર/કુટુમ્બ પેન્શનરના

અંગુઠાનું નિશાન : ______________

સ્થળ :-

તારીખ:- / / ૨૦૧૯

ચકાસણી કરનાર અધિકારીની સહી______________________

અધિકારીશ્રીનું નામ : ______________________

કોન્ટેક નંબર : ______________________

હોદ્દો અને કચેરી દર્શાવતો સીક્કો

............................................................................................................

## -: પેન્શનર/કુટુંબ પેન્શનરે આપવાનું પુનઃ નિયુકિત અંગેનું પ્રમાણપત્ર :–

૧. આથી હું એકરાર કરું છું કે, પેન્શન/કુટુંબ પેન્શનની લેણી થતી રકમની મુદત દરમ્યાન કોઈપણ સંસ્થામાં, લોકલ ફંડમાં કે ભારતની કોઈપણ સરકાર તરફથી પૂર્ણ અથવા અંશતઃ નાણાંકીય મદદ મેળવતી હશે તેમાં હું ભરતી થયેલ નથી. તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં પુનઃનિયુકિત પામેલ નથી.

૨. હું વધુમાં જાહેર કરું છું કે, હું નીચે સહી કરનાર ______________________ તરીકે તારીખ ______________થી ______________________________ સંસ્થા/કચેરીમાં પુનઃનિયુકિત થયેલ છું જેથી કામચલાઉ વધારાની માંગણી કરેલ નથી.

૩. વારસદાર તરીકે આજરોજ મારી ઉમર ૨૫ વર્ષની થઇ ગયેલ નથી / છે. તેમજ મે લગ્ન કરેલ નથી / છે. (તે અંગેનો મામલતદાર / ગ્રામ પંચાયત / તલાટીનો દાખલો રજુ કરવો.)

૪. મેં આજદિન સુધી પુનઃલગ્ન કરેલ નથી / છે. (મારી ઉમર ૫૦ વર્ષ કરતા ઓછી હોઇ/ પુનઃલગ્ન કરેલ નથી તે અંગેનો મામલતદાર/ગ્રામ પંચાયત/તલાટીનો દાખલો રજુ કરવો.

તારીખ :- / /૨૦૧૯

પેન્શનરની સહી______________________